## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*છે માંદલા-અશકત છતાં આપબળે લડવું છે,*
*સંપ-પગે મોટી ખોડ છતાં રેસમાં દોડવું છે,*
*ચડવું સૌને શિખર પર સાથીને પછાડીને -*
*ત્યાગ-સમર્પણ વિના સંગઠ્ઠનમાં પડવું છે...*
*(સંયુક્ત મોરચાના અપલક્ષણ)*

**હાઈકુ**

*માટે કૂદકા,*
*લાયકાત વિના જ -*
*મન-મહેચ્છા...*

*ભસે મોટેથી*
*વિસ્તારમાં છૂપાઈ*
*નબળાં શ્વાન...*

### ચિંતન

**એ તમાનંદમય માત્માનમુપસંક્રાતિ ।**

ઉપરોક્ત સૂત્રમાંથી તૈતરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ આનંદમય પરમાત્માની પાસે પહોંચી જાય છે.

બ્રહ્મ વિજ્ઞાન તથા આનંદ છે. મન તથા વાણી જ્યાં ના પહોંચવાથી પાછી ફરે છે તે બ્રહ્મના અલૌકિક આનંદ અનુભવે છે. તે કદી કશાથી ભયભીત નથી બનતો.

ઉપનિષદોમાં એવી રીતે આનંદ અને આનંદમય શબ્દનો પ્રયોગ પરમાત્માના સંબંધમાં જ કરવામાં આવ્યો છે. એટલે આનંદમય શબ્દ દ્વારા જગતના એક માત્ર કારણ સર્વશક્તિમાન, સર્વાન્તર્યામી, સર્વવ્યાપક, પરબ્રહ્મ પરમાત્માનું જ વર્ણન કરવામાં આવ્યું છે. બીજા કોઈનું નથી કરવામાં આવ્યું. એ પરબ્રહ્મ પરમાત્મા જ સચ્ચિદાનંદ કહેવાય છે. પરમાત્મા રસસ્વરુપ છે. એમને મેળવીને જીવાત્મા આનંદયુક્ત બની જાય છે.

### સુવિચાર

- લડાઈ પહેલાં બે માણસો અભિમાન કરે છે, પછી ફક્ત એક - **રશિયન કહેવત**
- માનવીની પહેલી ફરજ એ છે કે એ ઉદાર બનતાં પહેલાં ન્યાયી બને - **ચાર્લ્સ ડિકન્સ**
- જે માનવીઓ સ્મારકને પાત્ર છે જ, તેમને તેની જરૂર હોતી નથી - **જનકલ્યાણ**
- સાહસ ગયું તો સમજી લેવું કે માણસની અડધી સમજદારી તેની સાથે તેની સાથે જતી રહી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારું જહાજ કિનારા સુધી ન આવે એમ હોય, તો તમે તરીને કિનારે પહોંચી જાઓ - **સંત રોબિન**
- મતભેદ હોય છતાં મનનો ભેદ ન થવા દે તેનું નામ મહાત્મા - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : એક ચમચો મેથીના દાણા પાણીમાં ઉકાળી સવાર-સાંજ તે પાણી પીવાથી લાંબે ગાળે અસ્થમામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માણસની પરોપકાર વૃત્તિ તેને જરૂર ફાયદો કરાવે છે. જયોર્જ નામના યુવાને બગીચામાં એક વૃદ્ધા જોઈ. તે વિકલાંગ હતી છતાં કુદરતની કમાલને તે માણી રહી હતી. વૃદ્ધા વ્હીલચેર ઉપર હતી પણ તે ખુશ હતી અને કંઈક ગણગણતી હતી. જયોર્જ તેમની પાસે ગયો અને પૂછ્યું, 'મેડમ, તમે ખુશ દેખાઈ રહ્યા છો, મને પણ જણાવો શું કારણ છે ?' વૃદ્ધાએ જવાબ આપ્યો, બેટા હું જોઈ રહી છું કે કુદરત કેટલી સુંદર છે. કેવા સરસ ફુલો બનાવ્યા છે. એમાં કેવા અદ્‌ભૂત રંગ પૂર્યા છે.' જયોર્જને વૃદ્ધાના શબ્દો સ્પર્શી ગયા. રોજ સાંજે જયોર્જ બગીચામાં આવતો અને જયોર્જે જોયું કે વ્હીલચેરના જે લોખંડના પેંડા હતા તે ખૂબ અવાજ પણ કરતા હતા તથા ખાડાવાળા રસ્તેથી પસાર થતા વ્હીલચેર પછડાય અને બેસનાર વૃદ્ધાને તકલીફ થતી. જયોર્જ વ્હીલચેરના પૈંડા સુધારવાના પ્રયત્નો કર્યા. તેણે લોખંડના પૈડા ઉપર રબર ચડાવી દીધું. આથી વ્હીલચેરના અવાજો આવતા બંધ થયા અને વૃદ્ધાને આવતા આંચકા પણ નહીંવત થઈ ગયા. થોડા વખત પછી જયોર્જ પોતાની સૂઝ સમજથી રબરનાં ટાયર બનાવવાનું સાહસ કર્યું અને વ્હીલચેરથી માંડી ઘણી બધી જાતનાં નાના-મોટા ટાયર બનાવ્યા. તેણી ગણના અમેરિકાના શ્રીમંત અને પ્રામાણિક લોકોમાં થવા લાગી. આ જયોર્જ એટલે 'ડનલોપ' ટાયર કંપનીનો સ્થાપક.

# કોંગ્રેસમાં જૂથબંધી અકબંધ

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ ગુજરાતના જિલ્લે જિલ્લે મેઘરાજાની મહેર ઊતરી રહી છે - એનો સ્વાભાવિક ખુશીનો માહોલ પ્રવર્તી રહ્યો છે, ત્યારે બીજી તરફ ગત વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરી કોંગ્રેસ માટે શુભસંકેત સર્જનાર યુવા નેતીગીરી વિરુદ્ધ પાર્ટીના જ સિનિયરોમાં ભારે અસંતોષનું વાતાવરણ સરજાઈ રહ્યું છે. લોકસભાની ચૂંટણી પૂર્વે આવો અસંતોષ કોંગ્રેસની ઊજળી શક્યતાઓને ઝાંખી પાડી શકે છે. રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસનું સુકાન સંભાળતા પહેલાં રાહુલ ગાંધી એ માતા સોનિયા ગાંધઈની છત્રછાયા હેઠળ પાર્ટીમાં નવું લોહી ઉમેરવાના પ્રામાણિક પ્રયાસો કર્યા હતા. એમણે પાર્ટીમાં વ્યાપક સ્તરે વિસ્તરેલું 'ઍડહોકિઝમ' બારોબારિયું રાજકારણ દૂર કરી લોકસભાની બેઠક દીઠ યુવા નેતાઓની પ્રભારી તરીકે નિમણૂક કરી હતી. અલબત્ત, સિનિયરોની બાદબાકીનો ઈરાદો ન હોય પરંતુ તેઓ એટલું તો સમજી શક્યા હતા કે પાર્ટીમાં બેશુમાર જૂથબંધીની બિમારી ફેલાયેલી છે. આ જૂથબંધીનો ઉકેલ આણવાનું સહેલું પણ નહોતું. એનાં મૂળિયાં ઘણાં ઊંડા હતાં. દાખલા તરીકે છેક નહેરુ યુગથી અને ખરું પૂછો તો એથી પણ બહુ વહેલાં ટિળક-ગોખળેના સમયથી કોંગ્રેસને આ જૂથબંધીનો રોગ વળગેલો હતો. આઝાદી પૂર્વે કોંગ્રેસ ગાંધીજીના પ્રભાવક નેતૃત્વ હેઠળ શિસ્તબદ્ધ ભલે લાગતી હોય પરંતુ સુભાષચંદ્ર બોઝ જેવા ઉદ્દામ નેતાને ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ હરિપુરા અધિવેશનમાં ચૂંટી કાઢવામાં આવેલા. ઈંદિરાજીના શાસન દરમિયાન આ જૂથબંધી પરાકાષ્ઠાએ પહોંચી હતી. ખુદ ઈંદિરાજી સિનિયરો વિરુદ્ધ બળવો કરીને અલગ થયાં હતા. પછી એ વયોવૃદ્ધ કોંગ્રેસીઓ લઘુમતીમાં મુકાઈ ગયા હતા અને ઈંદિરા ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસ બળૂકી બની આજ પર્યંત મૂળ કોંગ્રેસની વારસદાર ગણાતી રહી છે. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા કોંગ્રેસની તત્કાલીન જૂથબંધીનો જ ભોગ બન્યા હતા. માધવસિંહ સોલંકી અને રતુભાઈ અદાણી કે ઝીણાભાઈ દરજીનાં જૂથોએ કોંગ્રેસને ક્રમશઃ લોકનજરમાં નબળી પાડી, પરિણામે જેનું અસ્તિત્વ જ નહોતું એવા સાંપ્રદાયિક તત્ત્વોનું જોર વધ્યું. ચીમનભાઈ પટેલે હાઈકમાંડને પડકારતાં સત્તા ગુમાવવી પડી હતી. કોંગ્રેસમાં જૂથબંધી એ લોહીમાં રસાઈ ગયેલી બિમારી છે. તાજેતરમાં રાહુલ ગાંધીએ ગુજરાત સહિત દેશભરમાં યુવા નેતૃત્વને આગળ કરવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે યુવા નેતાઓની નિમણૂક કર્યા પછી સિનિયરોમાં કચવાટ ફેલાયો છે. રાજકોટ પંથકમાં એની વિશેષ અસર જોવા મળી છે. કુંવરજી બાવળિયા અને ઈંદ્રનીલ રાજગુરુ પાર્ટીમાં સાથે હોવા છતાં એકબીજાના શુભેચ્છક નહોતા. પરંતુ યુવા નેતાગીરી દ્વારા બેઉની અવગણના થતી હોવાનું સર્વવિદિત છે. બાવળિયા તો ભાજપ સાથે સંતલસ પણ ચલાવતા રહ્યા છે. રાજગુરુએ કોંગ્રેસને રામ રામ કરી જઈ વાંકાનેરના ધારાસભ્ય પીરજાદાએ પણ પોતાની અવગણના થતી હોવાનો સૂર કાઢયો છે. મહેસાણામાં જીવાભાઈ વંકાયા છે. રાહુલ ગાંધીની યુવા બ્રિગેડ માટે આ અસંતોષનો ઉકળતો ચરુ ઠારવાનું કામ ધારીએ એટલું સહેલું તો નથી જ.

# મારા ગુજરાતી પ્રેમથી અધ્યક્ષ મહોદય બહુ રાજી થયા હશે...

**નવાં કલેવર**
નટવર હેડાઉ

એક વિશ્વવિદ્યાલયમાં ગુજરાતીના અધ્યાપક માટેની લિખિત પરીક્ષા યોજવામાં આવેલ. તેમાં મેં આખા રાજયમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રૂબરૂ મુલાકાતમાં મારી જ પસંદગી થશે તેનો મને પુરો ભરોસો હતો.

નિયત તારીખે સંપૂર્ણ તૈયારી સાથે હું રૂબરૂ મુલાકાત માટેના ખંડમાં પ્રવેશ્યો. અધ્યક્ષ મહોદયે પોતાના ચશ્મા સરખાં કરતાં પૂછ્યું. 'તમે રૂબરૂ મુલાકાતનું માધ્યમ લખ્યું નથી. આઈ મીન તમે ઈન્ટરવ્યુ ગુજરાતીમાં આપશો કે અંગ્રેજીમાં'

તેમના આ આકસ્મિત પ્રશ્ને મને અંદર સુધી હલબલાવી દીધો. પોતાની જાતને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરતાં સંયમ પૂર્વક મેં કહ્યું.

'માફ કરજો શ્રીમાન, આઝાદીના આટલાં વર્ષો પછી પણ આપણે હજી અંગ્રેજીમાં મોહપાશમાં બંધાયેલા છીએ. ગુજરાતી આપણી માતૃભાષા છે, અને માતૃભાષા પ્રત્યે આપણને આપણી માં એન માતૃભૂમિ સમાન શ્રધ્ધા હોવી જોઈએ. આપણે એવા લોકો તરફ દૃષ્ટિ કરવી જોઈએ જેમણે માતૃભાષાની ઉન્નતિ માટે સમર્પિત થઈ ગયા અને આપણે.... આટલા ઊંચા અને જવાબદારીવાળા પદ પર બેઠા હોવા છતાં...'

તેઓ બધા મને નિર્વાક સાંભળતા રહ્યા. પછી વિષયના અભ્યાસક્રમ અંગેના પ્રશ્નો પૂછવામાં આવ્યા. મેં બધા જ પ્રશ્નોના સામા અને બરોબર જવાબ ત્વરીત આપ્યા.

મને મારી એ રૂબરૂ મુલાકાતથી ખુબ સંતોષ હતો. પણ પેલો પ્રથમ પ્રશ્ન હજુ મને જાણે કે હથોડાનો ઘા મારી રહ્યો હતો. તે રાતે કોણ જાણે કયારે આંખ મીંચાઈ. મને સપનામાં એક ડોશીમાં દેખાયા. તેમના સફેદ વાળ વિખરાયેલા હતા. વસ્ત્રો જર્જરિત થઈ ગયેલા હતા. ફાટી ગયેલી પાની વાળા પગમાં તૂટેલાં ચંપલ હતા. કપાળ પર ચિંતાની અસંખ્ય કરચલીઓ દેખાતી હતી. હું કંઈ કહું તે પહેલાં જ તે આર્દ સ્વરે બોલ્યાં, 'બેટા, આ તેં બરાબર ના કર્યું. આવું કરીને તેં તારા જ પગ પર કુહાડી મારી છે. તારી બેકારી જોઈને મારા રોમ રોમમાં જવાળાઓ ઉઠે છે. બેટા... કહેતાં કહેતાં એ રડી પડ્યા.'

તે પછી હું આખી રાત સુઈ ન શકયો. અનિષ્ઠની આશંકા મને ઘેરી વળી. 'જો કે મારો ઈન્ટરવ્યુ તો બહુ સારો ગયો હતો... અને તેમાં પણ ગુજરાતી ભાષાની હિમાયત કરવી એ પ્રત્યેક ગુજરાતીનું કર્તવ્ય છે. મારા ગુજરાતી પ્રેમથી અધ્યક્ષ મહોદય બહુ રાજી થયા હશે...' મન ના કોઈ ખૂણે હજુ શંકા સળવળી રહી હતી.

આજ આયોગના કાર્યાલયે જઈ પરિણામ જોયું તો કોઈ અવકાશી પિંડ ધડામ દઈને માથે આવી પડ્યો જેણે મારી ચેતનાને જાણે છિન્નભિન્ન કરી નાખી.

અંતિમ પસંદગી યાદીમાં ન તો કયાંક એ ડોશીમાં હતાં કે ન તેની હિમાયત કરનાર પુત્ર.

# લલાટના લેખ સામે હારી ગયાં ધનીબા

**ગુલમહોર**
દિનેશ દેસાઈ

હજારેક મકાનોવાળી હાઉસિંગ વસાહતમાં ધનીબાને કોણ ન ઓળખે? પંચોતેર વર્ષનાં ધનીબા અને ચાળીસેક વર્ષનો રાજુ, બેઉ કામગરાં. વસાહતમાં જે કોઈ સાદ પાડે કે તરત બેઉ દોડીને સાદ દેનારનું કામ કરી આપે. કોઈ અપેક્ષા નહીં. માગીને કશું લેવાનું નહીં.

હાથનાં'ય બેઉ ચોખ્ખાં. રાજુને ગાંધીની દુકાને મોકલ્યો હોય ને મોટી નોટ દીધી હોય ત્યારે કહ્યા પ્રમાણેની ચીજવસ્તુ અને વધેલા રૂપિયા-પૈસા બરાબર ગણીને પાછા લાવે. ધનીબાને સિઝનમાં કોઈ પડોશી અનાજ સાફ કરવા બોલાવે કે મરી-મસાલા ભરવા માટે બોલાવે, ઘરમાં સોનાની વસ્તુ રેઢી મૂકી હોય તો પણ મા-દીકરો નજર પણ ના નાખે.

બેઉની ઘસાઈને ઊજળા થવાની ભાવના. એથી લોકો એમની દરકાર પણ રાખે. બસ, આ જ વાત શિલ્પાને આંખમાં કણાની જેમ ખુંચતી.

"વહુ બનાવીને આ ઘરમાં તો તને હું લાવી છું, પણ રુઆબ તો એવો કરે છે કે જાણે તું જ મને વહુ બનાવીને આ ઘરમાં ના લાવી હોય." ધનીબા આટલું બોલ્યા એમાં તો એમનાં મોટા દીકરાની વહુ શિલ્પા વરસી પડી હતી. માત્ર હાથ ઉપાડવાનો જ બાકી રાખ્યો હતો. પરંતુ એ શબ્દપ્રહારના ઉઝરડા ધનીબાના ચહેરા ઉપર કાયમની છાપ છોડી ગયાં.

શિલ્પા વિફરી હતી: "મારા ઘરનાં રોટલાં તોડવાં છે ને મને જ ગાળો ભાંડવી છે, ડોશી... નીકળ મારા ઘરમાંથી તું અને તારો ગાંડો રાજુ."

શિયાળાની સાંજ હતી. ધનીબા મોંગોલિયન ચાઈલ્ડ પ્રકારના નાના દીકરા રાજુ સાથે પહેલા માળના ફ્લેટના દરવાજામાંથી નીકળીને સડસડાટ સીડીનાં પગથિયાં ઉતરી ગયાં. મોટો દીકરો પંકજ તો સવારનો નોકરી કરવા ઘરેથી નીકળે તે છેક રાતે ઘરભેગો થાય. એક રૂમ ને રસોડાનો આ ફ્લેટ ખરીદવા ધનીબાએ જીવનની બધી પુંજી ખર્ચી કાઢી હતી. પંકજ અને રાજુના પિતા તો પત્ની-સંતાનોને નાનપણમાં જ મૂકીને ગુજરી ગયા હતા.

વિધવા ધનીબાએ જ દુઃખ વેઠીને બેઉ દીકરાને લાડકોડથી ઉછેર્યા હતા. પંકજ ભણીગણીને સ્નાતક થયો. સેલ્સમેનની નોકરી મળી. સારું ઠેકાણું જોઈને ધનીબાએ શિલ્પા સાથે લગ્ન કરાવી આપ્યાં. પંકજના ઘરે પણ બે દીકરાનો વસ્તાર થયો. એ વખતે તો ધનીબાનો થોડો બોખો ચહેરો ફુલ્યો સમાતો નહોતો. આ બધું છતાં ધનીબાને રાજુની ચિંતા રહેતી. એ મોંગોલિયન ચાઈલ્ડ હોવાના કારણે મગજ સહેજ મંદ હોય એવી એની પ્રકૃતિ. મોજીલો સ્વભાવ. મનમાં આવે તો કામ કરે. ક્યારેક ચીડાઈ પણ જાય.

સાંજના સાત થવા આવ્યા. શીતળ સમીર શિયાળાને વધુ ઠંડો બનાવી રહ્યો હતો. એવા માહોલમાં ધનીબા પોતાના જ ફ્લેટની સામેના કોમન પ્લોટમાં બાંધવામાં આવેલા રામજી મંદિરના ઓટલે રાજુનો હાથ પકડીને ધ્રુજતા બેઠાં હતાં. સંધ્યા પૂજા અને સાયં આરતી કર્યા બાદ પુજારી લાભશંકર મહારાજ મંદિરની બહાર નીકળ્યા ત્યારે તેમણે જોયું કે મા-દીકરો લાચાર સ્થિતિમાં ઓટલે બેઠાં છે. તરત તેઓ ભગવાનને ધરાવવા મૂકેલો થાળ

> **ધનીબા મોંગોલિયન ચાઈલ્ડ પ્રકારના નાના દીકરા રાજુ સાથે પહેલા માળના ફ્લેટના દરવાજામાંથી નીકળીને સડસડાટ સીડીનાં પગથિયાં ઉતરી ગયાં. મોટો દીકરો પંકજ તો સવારનો નોકરી કરવા ઘરેથી નીકળે તે છેક રાતે ઘરભેગો થાય. એક રૂમ ને રસોડાનો આ ફ્લેટ ખરીદવા ધનીબાએ જીવનની બધી પુંજી ખર્ચી કાઢી હતી.**

લઈને આવ્યા અને કહ્યું કે "બહાર ઠંડી વધારે લાગશે. મંદિરની અંદર આવી જાઓ અને આ થાળ લો. તમે અને રાજુ જમી લો."

"ના, ના. મહારાજ. રહેવા દ્યો." ધનીબાએ થાળ ઉપર એક નજર કરતાં વિવેક કર્યો.

મહારાજે કહ્યુ: "બા, તમે જે દર્દ છુપાવવા માગો છો એ હવે અહીં કોઈથી છાનું રહ્યું નથી. ના પાડશો તો નાહક ભુખે મરશો. એના કરતાં જમી લો. તમારી વહુ શિલ્પાને હાઉસિંગ વસાહતમાં કોણ નથી ઓળખતું."

એટલું કહેતામાં તો રાજુએ થાળમાંથી સુખડીનો એક ટુકડો લઈને સીધો મોંઢામાં મૂકી જ દીધો.

આખરે ધનીબાએ થાળનો સ્વીકાર કર્યો. મા-દીકરાએ થાળ આરોગી લીધો. થોડી વારે મંદિર સામેના ભોંયતળિયાના ફ્લેટવાળા અમૃતભાઈ ધનીબા અને રાજુને બે ધાબળા ઓઢાડી ગયા. રાત્રે લગભગ દસના સુમારે તો સહુ જંપી ગયાં હતાં. ચોતરફ સન્નાટો હતો. એ સન્નાટાને વિચલિત કરતો સ્કુટરનો અવાજ આવ્યો.

રાજુએ ધનીબાને ઢંઢોળ્યા: "મા, ઓ મા. જો તો ખરી. મોટાભાઈ – પંકજભાઈ આવી ગયા છે." ધનીબા ઊંઘમાંથી ઉઠ્યા ને પંકજને જોઈ રહ્યાં. પંકજે પણ માને જોઈ. એવામાં રાજુ તો દોડતો જઈને પંકજનો હાથ પકડીને ધનીબા પાસે ખેંચી લાવ્યો. પંકજ મા પાસે ગયો અને મા સામે જોઈને આંખ મેળવવાનો પ્રયાસ કર્યો. પરંતુ નજર ઢળી ગઈ. એ મા સામે આંખ મેળવી શક્યો નહીં.

ધનીબાનો સંયમ તૂટી ગયો હતો: જોયું?, તારી વહુએ અમારી બેઉની શી દશા કરી છે? આ દિવસો જોવા માટે તને ભણાવી-ગણાવીને મોટો કર્યો ને મકાન લઈ દીધું? ને લગ્ન કરાવી આપ્યાં.?"

પંકજે પત્ની શિલ્પાનો લૂલો બચાવ કરતા કહ્યું કે "મા, એ હું કંઈ ન જાણું. તેં જ કંઈક બફાટ કર્યો હશે. ઘરમાં શાંતિથી પડી રહેતાં શું થાય છે?"

બસ, દીકરો આ રીતે આંખ આડા કાન કરતો રહ્યો ને પુત્રવધૂને તો જાણે મોકળું મેદાન મળતું ગયું. એક રૂમ-રસોડાના ફ્લેટમાં શિલ્પાને એકલું મહાલવું હતું ને એને તો જાણે ફાવતું જડી ગયું. જો કે ધનીબા ને રાજુનો પગ ઘરમાંથી સાવ કાઢી નાખ્યો હતો, એવુંય નહોતું. પરંતુ રાતની નિંદર ને બપોર-સાંજનો વિસામો લેવા બેઉએ રામજી મંદિરના ઓટલે કે પરસાળમાં જ લાંબા થવાનું. સવારે ન્હાવા-ધોવા મા-દીકરો પોતાના ફ્લેટમાં જાય. એ વેળા ધનીબાએ ઘરનાં તમામ કપડાં, વાસણ, કચરા-પોતાં અને બારી-બારણાંનાં ઝાપટ-ઝુપટ વગેરે કામો કરવાનાં, શાકભાજી લાવી આપવાનાં ને સમારી આપવામાં, બેઉ બાળકોને નવડાવી-ધોવડાવીને તૈયાર કરવાનાં અને આ બધાં કામમાં રાજુએ માને મદદ પણ કરવાની. એટલું જ નહીં, રાજુએ બેઉ બાળકોને નજીકની શાળાએ મૂકવા માટે ચાલીને જવાનું અને સાંજે શાળા છુટવાના સમયે પણ રાજુએ જ બેઉ ભત્રીજાઓને ઘરે પણ લઈ આવવાના. રાજુ માટે તો જાણે નોકરી જેવો આ નિત્યક્રમ.

બસ, સવારે મા-દીકરાને એકાદ કપ ચા પીવા મળે એટલું અહોભાગ્ય. બપોરના બાર વાગ્યા સુધીમાં તો બેઉએ ઘરનાં કામ પરવારીને ફ્લેટનાં પગથિયાં ઉતરી જવાનાં. પછી તો બપોરે મંદિરના થાળની પ્રસાદીનું ભોજન લઈને મા-દીકરો આડે પડખે થાય. પુત્રવધૂએ સાસુ અને આંશિક માનસિક વિકલાંગ દીયરની હાલત જાણે કૂતરા જેવી કરી નાખી હતી. શિલ્પા હડે-હડે કરે ત્યારે ચાલ્યા જવાનું ને એ સાદ પાડે ત્યારે એનો પડ્યો બોલ ઝીલવા હાજર થઈ જવાનું.

રામજીના ઓટલે ને રામજીના રોટલે જીવતાં ધનીબા મંદિર તરફ જોઈને કહેતા: "હવે તો આ રામજી બોલાવે એટલી જ વાર. ક્યાં સુધી આવી ઉધારની જિંદગી જીવવાની? બસ, જતાં જતાં એક જ ચિંતા થાય છે

અનુસંધાન પાના નં ૭ પર

# વિરહ, મિલન, વિરહ : એક અનંત યાત્રા

**આવો જીવીએ શાનદાર**
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

મહાભારત, રામાયણ, શ્રીમદ ભાગવત અને અન્ય પૌરાણિક ગ્રંથોમાં મિલન સમયે ઉઠતાં આણંદના અષ્ટસાત્વિકભાવની અનુભુતીના ઘણા ઉદાહરણો જોવા મળે છે. કારાગારમાં શ્રીકૃષ્ણના જન્મ પછી તુરત જ તેમનું ગોકુળગમન થયું ત્યારે દેવકી-વાસુદેવ શ્રીકૃષ્ણના વિરહની વેદના અનુભવતા હતા. ગોકુલમાં ભવ્ય રીતે પોતાનું બાળપણ વિતાવીને શ્રીકૃષ્ણ મથુરા ગયા અને કંસવધ પછી પોતાના જન્મદાતા માત-પિતા સાથે મિલન થયું ત્યારે ત્રણેયને હૃદયમાં સાત્વિકભાવોનો ઉદય થયો હતો તેનું વર્ણન શ્રીમદ ભાગવતમાં છે. શ્રીકૃષ્ણ જ્યારે દેવકીજીને મળ્યા ત્યારે દેવકીજી ગદગદ થઈ ગયા હતા અને શ્રીકૃષ્ણને પોતાની ગોદમાં ઉઠાવી લઈ પોતાના હર્ષશ્રુથી કૃષ્ણનો અભિષેક કર્યો હતો.

એવી જ રીતે શ્રીમદ ભાગવતના દસમા સ્કંધમાં ઉલ્લેખ છે કે શ્રીકૃષ્ણના બાલસખા સુદામા અને શ્રીકૃષ્ણનું વર્ષો પછી જ્યારે દ્વારિકામાં મિલન થયું ત્યારે શ્રીકૃષ્ણ પોતાના સખાને ભેટી પડ્યા હતા અને પોતાના પ્રિય સખાનો અંગસ્પર્શ થતાં જ તેમના નેત્રોમાં હર્ષાશ્રુ ઉભરાયા હતા.

સીતાજીના હરણ પછી શ્રી રામ અને સીતાજીનું મિલન થાય છે ત્યારે પણ બંનેમાં જે ભાવોનો ઉદય થયો હતો તેનું વર્ણન શ્રી રામચરિત માનસમાં છે.

પ્રિયજન વ્યક્તિથી દૂર હોય છે ત્યારે જ વિરહભાવ ઊઠે છે એવું નથી. ક્યારેક બે સ્નેહીજનો વચ્ચે ભૌતિક અંતર શૂન્ય હોય છે અને તેમ છતાં પણ બંને વચ્ચે એક માનસિક અંતર બની ગયું હોય છે. બંને માનસિક આંટા હોવા છતાં કોઈ બે એકાદ કારણસર બંનેનો સંબંધ પણ ટકી રહ્યો હોય છે. આવી પરિસ્થિતિમાં બંને વચ્ચે માત્ર ખપ પૂરતો જ વાર્તાલાપ થતો હોય છે, જરૂર પૂરતો જ વ્યવહાર થતો હોય છે. સ્નેહીજન ભૌતિક રૂપે એકદમ નજીક હોવા છતાં મન અને હૃદયથી ખૂબ જ દૂર હોય એવી લાગણી થતી હોય છે અને વ્યક્તિ પ્રિયજનનો વિરહભાવ અનુભવતી હોય છે. આ પ્રકારના સંબંધો અને વિરહભાવ પતિ-પત્ની, બાપ-દીકરો, ભાઈ-ભાઈ કે કુટુંબીજનો સાથેના સંબંધોમાં અનુભવતો હોય છે. પતિ-પત્નીના આ પ્રકારના સંબંધોમાં તો ક્યારેક બંને વચ્ચેના અંતરંગ સંબંધોની પણ ખોટ સાલતી હોય છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં લાગણીસભર મન અને હૃદય, સમજણ અને સકારાત્મક અભિગમ દ્વારા જ સંજોગોને અનુકૂળ થઈને વિરહભાવ હળવો કરી શકાય.

સ્નેહીજનનું મૃત્યુ એ વિરહ-મિલન-વિરહની પરાકાષ્ઠા છે. અંતિમ મુકામ છે. મિલન-વિરહ-મિલનની વ્યકિતની આ યાત્રા વ્યકિતના પોતાના અથવા તો પોતાના સ્નેહીજનના મૃત્યુ સુધી ચાલ્યા કરે છે. બન્નેમાથી એકના મૃત્યુથી વિરહ-મિલન-વિરહની આ યાત્રા અટકી જાય છે અને જીવંત રહી ગયેલી વ્યક્તિના જીવનમાં બાકી રહે છે માત્ર ને માત્ર વિરહની વ્યથા ને વેદના. મૃત્યુ પામેલ પ્રિયજનની વિરહવેદના અકલ્પનીય હોય છે અને તેના વિરહભાવની માત્રા એટલી તીવ્ર હોય છે કે વ્યક્તિ વિરહભાવની દસ અવસ્થાઓમાંથી કોઈ પણ અવસ્થામાં ગમે ત્યારે સપડાઈ જઈ શકે છે. એ ભાવ તીવ્ર હોય છે કારણ કે એ વિરહ ક્યારેય મિલનમાં પરિણામવાની શક્યતા નથી હોતી. મૃત્યુ પામેલ સ્નેહીજન પોતાને ક્યારેય ફરી પાછી મળવાની નથી એવી ખાત્રી હોય છે. આ એક વાસ્તવિકતા છે જે દરેક વ્યક્તિએ સ્વીકારવી જ રહી.

આપણાં કોઈપણ સ્નેહીજનનું મૃત્યુ થયા પછી જો તેનો વિરહ સાલતો હોય તો એ વિરહની વેદનામાંથી શક્ય એટલી ત્વરાથી બહાર આવી જવું અથવા એ વેદનાને તો હળવી કરવી જરૂરી છે. આવું ના થાય તો વ્યક્તિ ઉપર જણાવેલી દસમાંથી કોઈપણ એક કે એકથી વધારે અવસ્થામાં સપડાઈ જાય છે પછી તેમાથી બહાર આવવું મુશ્કેલ તો ક્યારેક અશક્ય બની જાય છે.

જ્યારે પ્રિયજનું મિલન શક્ય જ ના હોય ત્યારે વિરહભાવથી વ્યથિત થવાને બદલે વ્યકિતએ વિરહભાવમાંથી વહેલી તકે મુક્ત થઈ જવું જોઈએ. વિરહભાવમાંથી મુક્ત થવા માટે વ્યકિતએ પોતાની જાતને પ્રવૃતિમય રાખવી પડે. દરેક વ્યકિતની અંદર કોઈ ને કોઈ પ્રકારની સર્જનાત્મકતા રહેલી જ હોય છે. વ્યકિતની એ સર્જનાત્મકતા જો જાગૃત હોય તો તેને વધારે વેગ આપવો પડે અને જો એ સર્જનાત્મકતા સુષુપ્ત અવસ્થામાં પડેલી હોય તો એ સર્જનાત્મકતાને જાગૃત કરવી પડે. પોતાની અંદર પડેલી જાગૃત અથવા સુષુપ્ત રહેલી કોઈપણ પ્રકારની સર્જનાત્મકતા સાથે ઓતપ્રોત થઈને, સર્જનાત્મક કાર્યોમાં પોતાનું મન પરોવીને, તેની સાથે તલ્લીન થઈને, વ્યકિત પોતાના વિરહભાવની વેદનાને હળવી કરી શકે.

મૃત્યુ પામેલા પ્રિયજનનું મિલન તો શક્ય ના હોય પણ વિરહના સમયે પોતાના જીવિત પ્રિયજન સાથે ફરી પાછા મિલનની આશા અકબંધ રાખીને વ્યકિત પોતાની વિરહવ્યથાને હળવી કરી શકે છે. પોતાના પ્રિયજન સાથે વિતાવેલી સુખદ ક્ષણોને યાદ કરીને, તેને વાગોળીને પણ વ્યકિત પોતાની વિરહવ્યથાનો ભાર હળવો કરી શકે છે.

જિંદગીનું બીજું નામ એટલે મિલન અને વિરહ, સ્મિત અને આંસુ, લીલ્લુછમ વૃંદાવન-ઉપવન અને સુક્કુભઠ્ઠ રણ, આ બંનેની વચ્ચે જીવનરૂપી ઝરણાને સતત વહેતું રાખવું પડે છે અને તેનું નામ જ જિંદગી.

પ્રકૃતિના નિયમ પ્રમાણે જે રીતે ઋતુચક્ર ફર્યા કરે છે અને એક પછી એક એમ ઋતુ આવે છે ને જાય છે એવી જ રીતે દરેક વ્યકિતના જીવનમાં પણ મિલનઋતુ અને વિરહઋતુ આવ-જા કર્યા કરે છે. જે વ્યકિતના જીવનમાં પોતાના પ્રિયજનના વિરહની ઋતુ નથી આવતી એ વ્યકિત નસિબદાર છે. વ્યકિતના જીવનમાં વિરહઋતુ આવે અને તેની કોઈપણ અવસ્થામાં એ સપડાઈ જાય તો પણ તેમાથી વહેલી તકે મુક્ત થઈ શકે તો એ વ્યકિતનો ભાવાત્મક આંક (Emotional Quotient) ખૂબ ઊંચો છે એવું કહી શકાય.

આમ છતાં કોઈપણ પ્રકારના સાચુકલા સંબંધોમાં વિરહભાવ જરૂરી હોય છે કારણકે મિલન પછી બંને પ્રિયજનો વિખૂટા પડે અને પછી જો વ્યકિતની અંદર વિરહભાવ જાગૃત ના થાય તો બંનેના પુનઃમિલનની વિકાસયાત્રા જ અટકી જાય. પ્રિયજનનો વિરહ વ્યકિતને સતત જાગૃત કરીને કહ્યા કરે છે કે હે પ્રિય, હજુ આ આખરી મિલન નથી, હજુ આ આખરી મુકામ નથી, હજુ આગળ, હજુ આગળ, સંપૂર્ણ મિલન તરફની આ અનંત યાત્રા અવિરત ચાલ્યા જ કરે છે.